કેસ રજુ તારીખ : ૧૬/૦૪/૨૦૧૬

કેસ દાખલ તારીખ : ૧૬/૦૪/૨૦૧૬

કેસ ફેસલ તારીખ : ૧૪/ ૦૨/૨૦૧૮

સમય ગાળો :

વર્ષ માસ દિવસ

---

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩માં,મુ. અમદાવાદ.**

---

**ફો.કે.નં.૪૦૭/૨૦૧૬**
**આંક– ૨૫**

**ફરીયાદી** : સ્ટેટ ઓફ ગુજરાત

વિ.

**આરોપી** : જયચંદ સિધ્ધનાથ વિષ્વકર્મા,
રહેવાસી– ભૈયાજીની ચાલી, મેમનગર, નારણપુરા,
અમદાવાદ શહેર,
મુળ ગામ– સિંકાપુરાવા તા.ગૌરીગંજ, જી. અમેઠી, ઉ.પ્ર.

---

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી વ્યાસ**
**બચાવપક્ષે વિ.વ.શ્રી જે.એસ. શર્મા**

---

**ગુન્હો : ઈ.પી.કો.કલમ –૩૮૦ મુજબ.**

–: **<u>જજમેન્ટ</u>** :–

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ ગઈ તા. ૧૦/૨/૨૦૧૬ ના કલાક ૧૧–૩૦ થી ક. ૧૨–૦૦ વાગ્યા દરમ્યાનમાં ફરીયાદીશ્રીના ખુલ્લા મકાનમાં પ્રવેશ કરી સોનાના ચાંદીના ડાયમંડ વાળા દાગીનાની કિં.રૂ.૩૦,૦૦૦/– મળી કુલ્લે કિં.રૂ.૧,૪૩,૦૦૦/– ની મત્તાની ચોરી કરી લઈ જઈ ગુન્હો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ ગુજરાત યુનિર્વસીટી પોલીસ સ્ટેશનમાં

નોંધાવતા ત.ક. અમલદારે ફ.ગુ.ર.નં. ૧૪/૨૦૧૬ થી ફરીયાદ નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી. કો. કલમ–૩૮૦ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સની કાયદેસરની બજવણી થઈ જતા તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અંગેની ખાત્રી આંક– ૧ લગત કરેલ છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધ આંક–૪ થી ચાર્જફ્રેમ કરી આંક – ૫ થી આરોપી ની પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી રુપલબેન ભુપેન્દ્રભાઈ શકરાભાઈ શાહની જુબાની | ૬ |
| ૨ | સાહેદ સાર્થકભાઈ મયુરભાઈ શાહની જુબાની | ૮ |
| ૩ | પંચ સાહેદ મયુરભાઈ શ્યામભાઈ રાણાની જુબાની | ૧૦ |
| ૪ | પંચ સાહેદ અશ્વીનભાઈ કૃષ્ણકાંતભાઈ ઠકકરની જુબાની | ૧૨ |
| ૫ | સાહેદ તરલીકાબેન ભુપેન્દ્રભાઈ શાહની જુબાની | ૧૫ |
| ૬ | ત.ક.અ. જોધા રાણાભાઈ ભાચકનની જુબાની | ૧૬ |

**દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૯ |
| ૩ | આરોપી કંઈક કહેવા અને બતાવવા માંગતો હોય તે અંગેનું પંચનામું | ૧૧ |
| ૪ | સી.આર.પી.સી.ક.૧૫૭ નો રીપોર્ટ | ૧૭ |
| ૫ | અંગજડતી પંચનામું | ૧૮ |
| ૬ | ચાર્જ અમલદારનો રીપોર્ટ | ૧૯ |

(૪) ફરીયાદપક્ષ તર્ફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ મુળ ભોગ બનનાર ફરીયાદી તરફે આંક– ૨૪ થી પુરાવો બંધ કર્યાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના અધારે આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપીએ તમામ પુરાવો પોતાની હાજરીમાં અને પોતાના સાંભળતા લેવામાં આવેલ છે તે બાબત કબુલ રાખેલ છે. તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે અને નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

(૫) ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દાઓ**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, સદર કામના આરોપીએ ચાર્જશીટ મુજબ ઈ. પી. કો.કલમ –૩૮૦ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–: કા ર ણો :–**

(૭) સદર કામે ફરીયાદપક્ષે આંક–૬ થી ફરીયાદી રુપલબેન ભુપેન્દ્રભાઈ શાહ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, ગઈ તા. ૧૩/૧૦/૧૬ નારોજ તેઓએ પોલીસમાં એક ફરીયાદ નોંધાવેલી. તા.૧૦/૨/૧૬ નારોજ સવા અગીયાર વાગ્યાના સુમારે તેઓ બહારગામ ગયેલ તે સમયે તેઓની માતાનો ફોન આવેલ કે ઘરમાં તિજોરી ખુલ્લી છે, દાગીના તથા રોકડ દેખાતી નથી જે આશરે અલગ અલગ જાતના દાગીના તથા રોકડ રૂ.૩૦,૦૦૦/– એમ કુલ રૂ. ૧,૪૩,૦૦૦/– ની ચોરી થયેલ. તેઓએ ફરીયાદ આપેલી જે ફરીયાદ આંક–૭ થી રજુ છે. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત

ખરી હોવાનું જણાવે છે કે, બનાવના દિવસે તેઓ બહારગામ હતા.

(૮) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ સાર્થકભાઈ મયુરભાઈ શાહનાઓ ને આંક–૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, ગઈ તા. ૧૪/૧૦/૧૬ નારોજ તેઓના ધંધાના સ્થળે હાજર હતા ત્યારે તેઓના સાસુ રુપલબેને તેઓને જણાવેલ કે, તેઓ દર્શન કરવા બહાર ગયેલા તે સમયે કોઈ ઈસમે ચોરી કરેલ છે જે આશરે અલગ અલગ જાતના દાગીના તથા રોકડ રુ. ૩૦,૦૦૦/– એમ કુલ રુ.૧,૪૩,૦૦૦/– ની ચોરી થયેલી તે બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવના સ્થળે બનાવ સમયે તેઓ હાજર ન હતા.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ મયુરભાઈ શ્યામભાઈ રાણાનાઓ ને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, પોલીસ તેઓની પાસે આવી એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સિવાય બીજુ કાંઈ તેઓ જાણતા નથી. તેઓને આંક–૧૧ નું પંચનામું બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. આમ પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરવામાં આવતા તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ સદર પંચ સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, પોલીસે તેઓની ફકત એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ અશ્વીનભાઈ કૃષ્ણકાંતભાઈ ઠકકર નાઓ ને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, પોલીસ તેઓની પાસે આવી એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી. તેઓને આંક–૧૮ નું પંચનામું બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. આમ પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરવામાં આવતા તેઓ પંચનામાની હકીકતને સમર્થન

કરતા નથી. ત્યારબાદ સદર પંચ સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ તરલીકાબેન ભુપેન્દ્રભાઈ શાહ નાઓ ને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, આશરે એકાદ વર્ષ અગાઉ તેઓ ધરે હતા અને તેઓ ધરકામ કરતા હતા તે વખતે તેઓના કબાટની ચાવી પલંગ પર ભુલી ગયેલ અને તેઓ તેમના ધરમાં નીચેના માળે ગયેલી. તેઓના ધરની ગેલેરીમાં બહાર કબાટમાં અમુક સાધનો પડયા રહે છે જે સાધનો લેવાના બહાને આ જયરામભાઈ તેઓના ધરમાં ઉપર ગયેલ અને આ જયરામભાઈએ તેઓના ઘરમાં ત્રણેક મહીના મીસ્ત્રી કામ કરેલું અને જયરામભાઈએ એવું જણાવેલ કે, તેઓને મીસ્ત્રી કામના થોડાક સાધનો જોઈએ છે જેથી તેઓએ તેમને આ સાધનો ગેલેરીમાંથી લઈ લેવાનું જણાવેલ. ત્યારબાદ તેઓ ઉપરના રુમમાં ગયેલ તે વખતે રુમનુ બારણું બહારથી ખખડાવતા જયરામભાઈએ બારણું ખોલેલ અને તેઓએ જોયેલ તો તેઓનું કબાટ ખુલ્લુ હતુ અને પૈસા છુટા પડેલા અને દાગીના આ જયરામભાઈએ તેના ખિસ્સામાં મુકી દીધેલા. તેઓને જયરામભાઈએ તેમની થેલીમાં સાધનો બતાવેલા. તેઓને તેમના પર શંકા ગયેલ પરંતુ હાલમાં સમય ખરાબ ચાલતો હોય તેઓને કોઈ ઈજા કરી બેસે તેવા ડરથી તેઓએ તેમને રોકેલા નહી. તેઓના દાગીના ધરમાંથી મળેલા નહી. તેઓના દાગીના ન મળતા તેઓની દીકરી રુપલબેને પો.સ્ટે.માં ફરીયાદ કરેલી અને પોલીસે તેઓની પુછપરછ કરેલી. આ જયરામભાઈને તેઓ ઓળખી શકે છે. તેઓના ચોરાયેલા દાગીના હજુ સુધી પરત મળેલ નથી. જે પો.સ્ટે.માં જમા છે. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, કહેવાતો જે બનાવ બન્યો તે વખતે તેઓ મંદિરમાં નીચે પુજા કરતા હતા. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમાં એવી હકીકત લખાવેલ નથી કે આ જયરામભાઈ અમારા ધરે સાધન લેવા આવેલા અને તેઓએ મને થેલી બતાવી તેમજ મને તેમના પર શંકા ગયેલ. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, આવો કોઈ ચોરીનો બનાવ બનેલ નથી પરંતુ તેઓ ખોટી જુબાની આપે છે.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અ. જોધા રાણાભાઈ ભાચકનનાઓ ને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, ગઈ તા. ૧૩/૨/૧૬ ના રોજ આ કામના ફરીયાદીએ તેઓ રુબરુ એક ફરીયાદ હકીકત જાહેર કરેલી જે તેમના લખાવ્યા જણાવ્યા મુજબ લખી લીધેલી જે આંક–૬ થી રજુ છે. ત્યાર બાદ સદર ફરીયાદની સ્ટેશન ડાયરીમાં નોંધ કરી સી.આર.પી.સી. કલમ–૧૫૭ નો રીપોર્ટ જાહેર થયેલો જે આંક–૧૭ થી રજુ છે. ત્યારબાદ બે પંચોને બોલાવી ગુના વાળી જગ્યાનું પંચનામું કરેલ જે આંક–૯ થી રજુ છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના જવાબો લીધેલા. ત્યારબાદ તેઓ ડી સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન હાલના આરોપીની બાતમી હકીકત મળેલ જેના આધારે તે ઈસમ જાદવનગર થઈને જવાનો છે તેવી હકીકત મળતા ત્યાં વોચમાં ગોઠવાઈ ગયેલા અને આ ઈસમને નજીક આવતા પંચો રુબરુ કોર્ડન કરી સદર ઈસમની પંચો રુબરુ અંગજડતી કરતા તેની પાસેથી ચોરીનો મુદ્દામાલ મળી આવેલો જે અંગેની પુછપરછ કરતા આોરપીએ ગુનો કબુલ કરેલો જેથી સદર મુદ્દામાલ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ જે પંચનામું આંક–૧૮ થી રજુ છે. ત્યારબાદ આરોપીને અટક કરી સ્ટે.ડાયરીમાં નોંધ કરેલ જેનો રીપોર્ટ આંક–૧૯ થી રજુ છે. ત્યારબાદ હાલના આરોપીએ ચોરીનો મુદ્દામાલ જે જગ્યાએ સંતાડેલ તે તેઓ તથા પંચો રુબરુ બતાવતા આંક–૧૧ વાળુ પંચનામું કરેલ. ત્યારબાદ સાહેદોના જવાબો લીધેલા અને ત્યારબાદ આરોપીને પકડી અટક કરી રજુ કરેલ અને પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, પંચોની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી છે. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, પુરતો પુરાવો ન હોવા છતાં આરોપી વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, આ ચોરીનો કહેવાતો મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ નથી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ફરીયાદમાં ફરીયાદીએ ચોરી કોણે કરેલ તે વ્યકિતનું નામ લખાવેલ નથી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, સાહેદોના નિવેદનોમાં પણ ચોરી કરનાર ઈસમનું નામ લખાવેલ નથી. એ વાત ખરી ન હોવાનું જણાવે છે કે, વણ ઉકેલાયેલ ગુના આરોપીના નામે ચડાવી ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૧૩) આ કામે ફરીયાદ વંચાણે લેતાં કોઈ નામજોગ ફરીયાદ આપવામાં આવેલ નથી. વધુમાં આ કામના ફરીયાદી તથા અન્ય સાહેદોને તપાસવામાં આવેલા છે તે સાહેદો ધ્વારા આરોપીને ચોરી કરતા જોયેલ હોય તેવું બનેલ નથી. તેમજ પંચ સાહેદો ધ્વારા પંચનામાની હકીકતોને સમર્થન આપવામાં આવેલ નથી. તેમજ પોલીસ સાહેદની જુબાની ઉપરથી પણ આ કામના આરોપીએ ચોરી કરેલ છે તેવું પુરવાર થતું નથી. વધુમાં આ કામે જે પંચનામાઓ રજુ કરવામા આવેલા છે, તે પંચનામાઓને પંચો ધ્વારા પુરવાર કરવામા આવેલ નથી. વધુમા હાલના આરોપી પાસેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબ્જે કરવામા આવેલો હોય તેવુ પણ પુરવાર થયેલ નથી. આમ કેસની હકીકતો, પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે. આ બધી હકીકતોને ધ્યાને લેતાં, શંકા ગમે તેટલી પ્ર બળ હોય પણ તે પુરાવાનું સ્થાન લેતી નથી, તે સિધ્ધાંતને ધ્યાને લઈને હાલના આરોપીને વ્યાજબી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાની અરજ કરેલ છે. વધુમાં તપાસવામાં આવેલા પંચો ધ્વારા પણ પંચનામાની કોઈ હકીકતને સમર્થન મળતું નથી. જેથી ફરીયાદપક્ષે તપાસવામા આવેલો સંપૂર્ણ પુરાવો જો ધ્યાને લઈએ તો એકપણ સાહેદ ફરીયાદીની હકીકતોને સમર્થન આપતા નથી. આરોપી ધ્વારા આવો કોઈ ગુનો કરવામા આવેલો છે, તે હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામા નિષ્ફળ ગયેલ છે. ફોજદારી કાર્યરીતીના સિંધ્ધાત પ્રમાણે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ કોઈ પણ જાતની શંકા ને પર પુરવાર કરવાનો રહે છે, અને જો કોઈ શંકા રહેલી હોય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર રહે છે. વધુમાં ફરીયાદીએ કલોઝીંગ પુરસીસ આપી વધુ સાક્ષી પુરાવા તપાસવા માંગતા નથી તેવું જણાવતા હોય ત્યારે વધુ કોઈ સાક્ષી તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકે તેમ નથી. આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ ગયા હોય તે મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય નકાર માં ઠરાવી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**—: હુકમ :—**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે ઈ.

પી.કોડ ની કલમ– ૩૮૦ મુજબ શીક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

(૨) મુ.પા. નં.૧૮/૨૦૧૬ માં જણાવેલ મુદ્દામાલ ફરીયાદીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉના જામીન તથા જાતમુચરકા રદ કરવામા આવે છે.

(૪) આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ

રૂા.૧૦,૦૦૦ /– ના જામીન આપવા નો હુકમ કરવામાં આવે છે

હુકમ આજરોજ તા. ૧૪, માહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૨/૨૦૧૮
અમદાવાદ.

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર.૧૩,અમદાવાદ.
CODE NO. GJ01023